# મે.કઠલાલના પ્રિન્સિપાલ સિવિલ જજ સાહેબની કોર્ટમાં, મુ.કઠલાલ.

=====================================================

**સિવિલ પરચુરણ અરજી નંબર: ૪/૨૦૨૧**

=====================================================

**અરજદાર:** સુંદરસિંહ બબાજી ઝાલા

**વિરુધ્ધ**

**સામાવાળા :** તખતસિંહ અભેસિંહ ચૌહાણ

=====================================================

**અરજદાર તરફે વિ.વ.શ્રી:** જે. એસ. સોલંકી

**સામાવાળા તરફે વિ.વ.શ્રી:** એમ. યુ. શેખ

=====================================================

**::અરજદારની ડીલે કોન્ડોનેશન તથા દાવો રીસ્ટૉરેશનની અરજી લગત હુકમ ::**

(1) હાલની અરજી અન્વયે અરજદારે દાવો રિસ્ટોર કરવા તથા ડીલે કોન્ડોનેશન માટેની અરજ ગુજારેલ છે જે પૈકી અરજીની હકીકત એવી છે કે હાલના અરજદારનો દાવો રેગ્યુલર દીવાની નંબર: ૧૦/૨૦૧૫ થી કઠલાલ સિવિલ કોર્ટમાં દાખલ થયેલ હતો જે કઠલાલના પ્રિન્સિપાલ સિવિલ જજ દ્ધારા તારીખ ૧૮-૦૭-૨૦૧૮ ના રોજ પક્ષકારોની ગેરહાજરીના પરિણામે દાવો ડિસ્મિસ ફોર ડિફોલ્ટ કરેલ હતો. જેથી હાલનો દાવો ફરી ફાઈલે લેવા તેમજ જ હાલની અરજી કરવામાં **૨ વર્ષ ૧૧ માસ અને ૦ દિવસ** જેટલો વિલંબ થયેલ હોય તે વિલંબ માફ કરવા માટે પણ અરજ ગુજારેલ છે.અરજદાર રજૂઆત કરે છે કે નામદાર કોર્ટે જે મુદ્દા કાઢેલ છે તેની જાણ થયેલ નથી કે તેમના વકીલશ્રીને પણ તેમનો દાવો ચાલવા આવ્યો છે અને મુદ્દામ કાઢવામાં આવેલ છે તેની જાણ તેઓને કરેલ નથી તેમજ તેઓના વકીલશ્રીને તેમના હાલના રહેઠાણના સરનામાની જાણ કરેલ છે તેમ છતાં તેમના વકીલશ્રીએ આ બાબતે તેઓને સદરહું દાવામાં પુરાવા આપવા અંગે કોઈ માહિતી આપેલ નથી તેમજ દાવા વિશે તેઓને કોઈપણ જાણ કરેલી નહીં તેમજ પુરાવા રજુ કરવા માટે કોઈ તક મળેલી નથી તેમજ તેઓ

કાયદાના અજ્ઞાન માણસ છે અને દાવાવાળી મિલ્કત તેઓ કાયદેસરનો માલિકી હક્ક આવેલો છે.

(2) આ કામના સામાવાળાએ આંક–૯ થી હાલની અરજીનો જવાબ રજૂ કરેલ છે જેની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના અરજદારે દાવો ફરી ફાઇલ એ લેવા માટેની અરજી કરવામાં **૨ વર્ષ ૧૧ માસ અને ૦ દિવસ** જેટલો વિલંબ કરેલ હોય જેથી હાલની અરજી નામંજૂર કરવા અરજ ગુજારેલ છે તથા અરજદારે ડીલે કોન્ડોન માફ કરવા માટે કાયદાકીય મુદ્દત અને વિગતો જણાવેલ નથી તથા અરજદાર તરફે ૩૦ દિવસમાં ફરી ફાઈલ કરવા માટે અરજદાર તરફથી કોઈ અરજી સમયમર્યાદામાં આપવામાં આવેલ નથી અને વિલંબ માફ માટે જે કારણો જણાવેલ છે તે માનવા લાયક નથી તથા કો.મુ.નં.૧૦/૧૫ના દાવાના પ્રતિવાદી નં.૨ હોથાભાઈ અભેસિંહ ચૌહાણ તા.૮–૩–૨૦૧૭ના રોજ મરણ પામેલ છે તેમજ વારસોને દાવાના કામે પક્ષકારમાં જોડેલ હોવાનું જણાઈ આવતું નથી તેમજ આ કામે અરજદારે બન્ને અરજીઓમાં મરણ પામેલ હોથાભાઈ અભેસિંહના વારસોમાં જોડેલ નથી જેથી પણ અરજદારની ડીલે કોન્ડોનની તથા ફરી ફાઈલે લેવાની અરજી નામંજૂર કરવા અરજ ગુજારેલ છે.

(3) અરજીની હકીકતો ધ્યાને લેતા આ કામના અરજદાર જણાવે છે કે તેમના વકીલ દ્વારા તેમને આવવા માટે ના પાડેલ પરંતુ અરજીની હકીકતો જોતા દાવો ડિસમિસ થયા બાદ પણ આ કામના અરજદાર **૨ વર્ષ ૧૧ માસ અને ૦ દિવસ** દિવસ બાદ હાલનો દાવો રીસ્ટોર કરાવવા માટે આવેલ છે જે અરજદારની ખૂબ જ ગંભીર નિષ્ક્રિયતા અને પોતાના દાવા પ્રત્યેની ઉપેક્ષા દર્શાવે છે. વધુમાં કાયદો જાગૃતને મદદ કરે છે નહીં કે પ્રમાદી ને. આ ઉપરાંત અત્રેની કોર્ટનું એવું માનવું છે કે વાદી દાવો દાખલ કરે છે તો તેને પોતાના અધિકાર પ્રત્યે અને પોતે જે ઉપચાર મેળવવા માટે દાવો દાખલ કરે છે તેની પ્રત્યે જાગૃત રહેવું જોઈએ. દાવામાં ફક્ત વકીલના ભરોસે રહેવું તે પણ વ્યાજબી નથી અને વાદીએ પોતાની અરજીમાં જે ખુલાસો કરેલ છે તે ખુલાસો તાર્કિક રીતે સ્વીકારવા પાત્ર નથી. વધુમાં અત્રેની કોર્ટ દ્વારા નામદાર સુપ્રીમ કોર્ટના **Union Of India Versus Jahangir Byramji Jeejeebhoy (D) Through His Lr, 2024 (0) AIJEL-**

**SC 73468** ચુકાદાના પેરા નંબર. ૩૩ ને ધ્યાને લેવામાં આવેલ છે જેમાં સમય મર્યાદા ને લગતા કેટલાક સિદ્ધાંતો દર્શાવેલ છે જે નીચે મુજબ છે.

33. In the case of Esha Bhattacharjee v. Managing Committee of Raghunathpur Nafar Academy & Others, (2013) 12 SCC 649 , this Court made the following observations:

21. From the aforesaid authorities the principles that can broadly be culled out are:

21.1. (i) There should be a liberal, pragmatic, justice-oriented, non-pedantic approach while dealing with an application for condonation of delay, for the courts are not supposed to legalise injustice but are obliged to remove injustice.

21.2. (ii) The terms sufficient cause should be understood in their proper spirit, philosophy and purpose regard being had to the fact that these terms are basically elastic and are to be applied in proper perspective to the obtaining fact-situation.

21.3. (iii) Substantial justice being paramount and pivotal the technical considerations should not be given undue and uncalled for emphasis.

21.4. (iv) No presumption can be attached to deliberate causation of delay but, gross negligence on the part of the counsel or litigant is to be taken note of.

21.5. (v) Lack of bona fides imputable to a party seeking condonation of delay is a significant and relevant fact.

21.6. (vi) It is to be kept in mind that adherence to strict proof should not affect public justice and cause public mischief because the courts are required to be vigilant so that in the ultimate eventuate there is no real failure of justice.

21.7. (vii) The concept of liberal approach has to encapsulate the conception of reasonableness and it cannot be allowed a totally unfettered free play.

21.8. (viii) There is a distinction between inordinate delay and a delay of short duration or few days, for to the former doctrine of prejudice is attracted whereas to the latter it may not be attracted. That apart, the first one warrants strict approach whereas the second calls for a liberal delineation.

21.9. (ix) The conduct, behaviour and attitude of a party relating to its inaction or negligence are relevant factors to be taken into consideration. It is so as the fundamental principle is that the courts are required to weigh the scale of balance of justice in respect of both parties and the said principle cannot be given a total go by in the name of liberal approach.

21.10. (x) If the explanation offered is concocted or the grounds urged in the application are fanciful, the courts should be vigilant not to expose the other side unnecessarily to face such a litigation.

21.11. (xi) It is to be borne in mind that no one gets away with fraud, misrepresentation or interpolation by taking recourse to the technicalities of law of limitation.

21.12. (xii) The entire gamut of facts are to be carefully scrutinised and the approach should be based on the paradigm of judicial discretion which is founded on objective reasoning and not on individual perception.

21.13. (xiii) The State or a public body or an entity representing a collective cause should be given some acceptable latitude.

22. To the aforesaid principles we may add some more guidelines taking note of the present day scenario. They are:

22.1. (a) An application for condonation of delay should be drafted with careful concern and not in a haphazard manner harbouring the notion that the courts are

required to condone delay on the bedrock of the principle that adjudication of a lis on merits is seminal to justice dispensation system.

22.2. (b) An application for condonation of delay should not be dealt with in a routine manner on the base of individual philosophy which is basically subjective.

22.3. (c) Though no precise formula can be laid down regard being had to the concept of judicial discretion, yet a conscious effort for achieving consistency and collegiality of the adjudicatory system should be made as that is the ultimate institutional motto.

22.4. (d) T**he increasing tendency to perceive delay as a non-serious matter and, hence, lackadaisical propensity can be exhibited in a nonchalant manner requires to be curbed, of course, within legal parameters.**

આમ નામદાર સુપ્રીમ કોર્ટના ઉપરોક્ત ચુકાદા મુજબ વિલંબ ના મુદ્દાને ને ગંભીરતાપૂર્વક લેવામાં આવતી નથી જે માનસિકતા અને વૃત્તિ કાયદાની મર્યાદામાં રહીને અટકાવી જોઈએ. જેથી હાલની અરજીમાંજો ટૂંકા ગાળાનો વિલંબ હોય તો માફ પણ કરી શકાય પરંતુ ૨ વર્ષ ૧૧ મહિના જેટલા લાંબા સમયગાળાનો વિલંબ માફ કરવો ન્યાયોચિત્ત જણાતો ન હોય ન્યાયના હિતમાં નીચે મુજબના હુકમ કરવામાં આવે છે.

## **–::હુકમ::–**

1. અરજદારની હાલની અરજી નામંજૂર કરવામાં આવે છે.
2. ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

હુકમ આજ રોજ તા.૧૪મી માહે–ઓગષ્ટ, સને–૨૦૨૪ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તા: ૧૪–૦૮–૨૦૨૪**
**સ્થળઃ–કઠલાલ.**

**(મોહંમદફરહાદ સલીમ લોહિયા)**
**પ્રિન્સિપાલ સિવિલજજ, કઠલાલ.**
**જજ કોડ નં.જી.જે.૦૧૬૭૬**